# અરવલ્લીના ટોરડાની ઉર્મિલાબેને ઉદાર ભાવના, કોરોનાના કપરા સમયે ઘરે આંગણે પંહોચાડી બેંક સેવા

## કોરોનાથી પ્રભાવિત પ્રતિબંધિત વિસ્તારોમાં જઇ મોબાઇલ એટીએમની સેવા પૂરી પાડતા અનોખા કોરોના વોરીયર

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જિલ્લામાં કોરોનાના પ્રભાવ એવા જોવા મળ્યો કે તેમાં સૌથી પહેલા ગ્રામિણ વિસ્તાર તેની વધારે અસર થઇ તેથી જ અરવલ્લીના ગ્રામ્ય



વિસ્તારમાં ૭૯ કોરોના પોઝિટીવ કેસ મળી આવ્યા, તેની સાથે જ ગામોનો કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં સમાવિષ્ટ થંતા જ જાણે કે જીનજીવન થંભી ગયું. આવા સંકટના સમયે લોકોને સૌથી વધુ જરૂરીયાત હોય તો તે પૈસાની હોય અને બેંક જો તમારા આંગણે આવીને ઉભી રહે તો આનાથી વધારે ખુશી કઇ હોઇ શકે.

લોકડાઉનના ચોથા તબક્કામાં આવશ્યક સેવા શરૂ કરવાની સાથે અન્ય સેવા પણ શરૂ કરતા જનજીવન ધબકતું થયું પણ જયારે શરૂઆતના તબક્કે જિલ્લામાં કે ગામમા કોરોનાનો કેસ આવે તો જિલ્લા વહિવટીતંત્ર દ્વારા લોકોના આરોગ્યના તકેદારીના ભાગરૂપે કન્ટેન્ટમનેન્ટ વિસ્તાર જાહેર કરી ત્યાં માત્ર જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવી આપે, પણ આ ઘરવખરી, કરીયાણું લેવુ હોય તો પૈસા તો જોઇએને, ગામ આખું પ્રતિબંધિત વિસ્તારમાં હોયને બેંક શહેરમાં જવુ તો જવુ કઇ રીતે ? આ સંકટના સમયે ખરા અર્થમાં લોકોના સેવામાં ઉભી રહી અરવલ્લીની બેંક સખી આવી જ એક સખી છે.

અરવલ્લીના ભિલોડા તાલુકાના ટોરડા ગામની ઉર્મિલાબેન ભગોરા, જેમને આ કપરી પરિસ્થિતમાં ટોરડાની બેન્ક ઓફ બરોડામાં બિઝનેસ કોરસ્પોન્ડેડ (બીસી) સખી તરીકે છેલ્લાં ત્રણ મહિનામાં ૨૦૦૦ થી વધારે ટ્રાન્જીક્શન કરી ૨,૫૦,૦૦૦ સુધીની રકમ પેન્શન, લોન, રોકડ જમા તથા રોકડ ઉપાડ આપીને ગામ લોકોને મદદરૂપ થયેલ છે.

પોતાના વિસ્તારમાં લોકોને જરૂરીયાતના સમયે પોતે સહાયરૂપ બનતા ઉર્મિલાબેન કહે છે, અરવલ્લી કોરોનો પ્રથમ કેસ જ ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામમાં નોંધાયો હતો જેને લઇ ટોરાડા, રામપુરી બાવળીયા, શિલાદ્રી, જેતપુર, બુઢેલી, પહાડા, આંબાબાર અને ધનસોર કન્ટેન્મેન્ટ ઝોનમાં સમાવેશ થયો જે પૈકી બેંક સેવા ઉપલબ્ધ નથી તેવા વિસ્તારોમાં જઇ નાણા આપવાનું શરૂ કર્યુ. જેમાં બેંક દ્વારા મને જેમના આધાર સાથે લિન્ક અપ ધરાવતા ખાતા ધારકાએ નાણાની જરૂરીયાત હોય તેવા પરીવારના ત્યાં જઇ અમે મોબાઇલ એટીએમ મારફતે વૃધ્ધ સહાય, પેન્શનરોને પેન્શન, તેમજ પશુપાલકો અને દૂધધારકો સહિતના લોકોને અમે ઘર આંગણે પૈસા પૂરા પાડ્યા છે. આની સાથે અમે જયારે અમે ગામડે જઇએ ત્યારે ગ્રામજનોને સોશિયલ ડિસ્ટનસિંગ, હેન્ડ સેનેટાઇઝ કરવા તેમજ માસ્ક પહેરવા અને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની સહિતની લોકજાગૃતિનું પણ કામ કરીએ છીએ.

સંકટના સમયે ગામડાના લોકોને મોબાઇલ બેન્ક સેવા પુરી પાડતા અરવલ્લીની બેંક સખી સાચા અર્થમાં કોરોના વોરીયર બની છે.

# બનાસકાંઠામાં વધુ ત્રણ કોરોના પોઝીટીવ કેસ

## ડીસામાં બે અને એક દાંતીવાડામાં કેસ નોંધાયો

બનાસકાંઠા જિલ્લામાં લગભગ એક સપ્તાહના વિરામ બાદ કોરોના વાયરસે પુનઃ માથું ઊંચક્યું છે. જ્યાં મંગળવારે વધુ ૩ વ્યક્તિઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે ૬૧ વર્ષના વૃધ્ધ, ૩૧ વર્ષની યુવતી અને દાંતીવાડાના આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૦૫ થવા પામી છે. જ્યારે કોરોનાથી કુલ ૪ વ્યક્તિઓના મોત થયા છે.

# પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર અપાયુ

## વીજળી બીલ, પાણીવેરો, મિલ્કત વેરો, શાળાઓની ફી માફીને લઇને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે વીજળી બીલ, પાણી વેરો, મીલ્કત વેરો અને શાળાઓની ફી માફી કરવાને લઈને આવેદનપત્ર આપ્યું હતું.

હાલ કોરોનાની મહામારી દેશ સહિત વિશ્વમાં ફેલાઈ છે તો દેશભરમાં સંક્રમણથી બચવા માટે સરકાર દ્વારા લોકડાઉન ઉપર લોકડાઉન જાહેર કરવામાં આવતા ધંધા રોજગાર ઉપર અસર પડી છે અને નાના ધંધાવાળાથી લઈને માધ્યમ વર્ગ અને મોટા ધંધા ઉપર અસર પડી છે અને લોકો પાસે ધંધા વગર અને પૈસા વગર હાલત કફોડી બની છે. આવા લોકોની ચિંતા કરીને પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વીજળી બીલ, પાણી વેરો, મીલ્કત વેરો, દુકાન વેરો તથા ખાનગી શાળાઓ દ્વારા પ્રથમ સત્રની ફી માફ કરવા સહિતની વિવિધ માગણીઓ સાથે મંગળવારે પ્રાંતિજ

મામલતદાર કચેરી ખાતે પહોંચીને હાજર નાયબ મામલતદાર મિતેશભાઈ ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા સદસ્ય રામસિંહ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, રેખાબેન સોલંકી, નગરપાલિકા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, સંજયભાઈ પટેલ, નીરૂબેન પટેલ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સોશિયલ ડિસ્ટન્સ સાથે મામલતદાર કચેરી ખાતે આવીને આવેદનપત્ર આપ્યું હતું.

# અંબાજીના ચૂંદડીવાળા માતાજીનું નિધન

## છેલ્લા કેટલાય વર્ષોથી તેઓએ અન્નજળનો કર્યો હતો ત્યાગ : ચૂંદડીવાળા માતાજીના નિધનથી તેમના ભક્તો શોકાતુર

પાલનપુર, તા. ૨૬

જગવિખ્યાત વિશ્વ પ્રસિદ્ધ એવા ચુંદડીવાળા માતાજીના નામથી જાણીતા( પ્રહલાદ જાની ) ૯૨ વર્ષની ઉંમરે પોતાના વતન માણસા તાલુકાના ચરાડા ગામે ટૂંકી માંદગી ના કારણે નિધન થયું છે.લગભગ ૨૦ દિવસ અગાઉ તેમને શરદી, ખાસી અને કફ જેવી તકલીફ હોવા થી તેમને અમદાવાદનાં જાઈડેશ હોસ્પિટલમાં કોરોનાનો રિપોર્ટ પણ

કરાવ્યો હતો અને તે રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો.ત્યાર બાદ તેમને થોડી સારવાર લીધી હતી તેના બાદ તે પોતાના સેવકના ઘરે રોકાયા અને પછી પોતાના ગામ ચરાડા ખાતે રોકાયેલા હતા અને તેમના ભક્તો પણ તેમની સેવામાં હાજર હતા.ત્યારે ૨૫ તારીખ ના રોજ સાંજે ૭ વાગ્યેના આસપાસ તેમને ઈશારો પણ કરી દીધો હતો કે હું આઠ કલાક જ જીવવાની છું તેવું પણ તેમના ભક્તો દ્વારા જાણવવામાં આવું હતું અને આજ મધ્યરાત્રીએ તેમને અંતિમ શ્વાસ લીધા હતા ત્યાર બાદ માતાજીના મૃત દેહને અંબાજી ખાતે તેમના સ્થાને લાવવામાં આવ્યા હતા અને મંગળવાર અને બુધવાર માતાજીના ભક્તોને દર્શન માટે તેમના સ્થાને રાખવામાં આવશે.અને ગુરુવારના રોજ તેમને સમાધિ આપવામાં આવશે તેવું તેમના ભક્તો દ્વારા જણાવવામાં આવ્યું હતું.વિશ્વભરમાં ચુંદડીવાળા માતાજીના નામ થી જાણીતા હતા અને તેમને પોતાની ભક્તિથી વિશ્વમાં તેમના અસંખ્ય ભક્તો પણ હતા અને તેમને છેલ્લા કેટલાય સમયથી અંન્નનો પણ ત્યાગ કરી દીધો હતો અને લોકોનું કહેવું છે કે તેમની ભક્તિ એવી છે કે તેના લીધે અન્ન વિના પણ તે જીવી શકતા હતા.ચૂંદડી વાળા માતાજી દેવલોક પામ્યા છે.ત્યારે અંબાજી સહિત તેમના ભક્તોમાં દુઃખની લાગણી પ્રસરી હતી અને તેમના મૃતદેહને મંગળવારનાં સવારના સુમારે તેમના સ્થાને લાવી દેવામાં આવ્યા છે અને ગુરુવારે ૨૮ તારીખ ના રોજ ચુંદડીવાળા માતાજીને સમાધિ આપવામાં આવશે તેવું તેમના ભક્તો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# સાબરકાંઠાના કલેકટરે બદલીનો ગંજીફો ચીપ્યો

## ૩૧ રેવન્યુ તલાટી અને ૭ નાયબ મામલતદારોની બદલીના આદેશ

કોરોના વાયરસને પગલે સાબરકાંઠાના વહીવટીતંત્ર લોકોને જાગૃત કરવાનું અને ઘરોમાં રહેવાની અપીલ કરી રહી છે. ત્યારે તાજતેરમાં જિલ્લા કલેકટરે વહીવટી અનુકૂળતાના ભાગરૂપે ૩૧ રેવન્યુ તલાટીઓની તથા ૭ નાયર મામલતદારોની તાલુકાફેર અથવા તો જે તે તાલુકાઓમાં બદલી કરવાના આદેશ કર્યા છે. જેને લઈને બદલી અને બઢતીની રાહ જોઈને બેઠેલા આ કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

કલેકટર કચેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લા કલેકટર સી.જે. પટેલે તાજેતરમાં ૩૧ રેવન્યુ તલાટીઓ તથા કલાર્કોની હંગામી ધોરણે નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી આપીને તેમને નાયબ મામલતદાર સંવર્ગમાં મૂકયા છે. જેને લઈને હિંમતનગર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ઈડર, પોશીના, વિજયનગર, વડાલી અને તલોદ તાલુકાના મહેસુલી તલાટીઓને કેટલીક ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને આ ખાલી જગ્યાઓ ભરી દેવામાં આવી છે અને આ તલાટીઓને તાત્કાલિક અસરથી જે તે સ્થળે હાજર થવા જણાવાયુ છે.

તેજ પ્રમાણે જિલ્લા કલેકટરે આ બદલીઓની સાથો સાથ વહીવટી અનુકૂળતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને નાયબ મામલતદારોની ફેરબદલીના આદેશ કરાયા છે. જેમાં વડાલીના નાયબ મામલતદારને ઈડર, ખેડબ્રહ્માના નાયબ મામલતદારને ઈડર પ્રાંત કચેરીમાં તથા ખેડબ્રહ્માના નાયબ મામલતદારને હિંમતનગર ધરોઈ યોજનાની કચેરીમાં મૂકાયા છે. તેજ પ્રમાણે તલોદના નાયબ મામલતદારને તલોદમાં જ ઈ-ધરા મામલતદારની ખાલી જગ્યા પર તથા ખેડબ્રહ્મા પ્રાંત કચેરીના નાયબ મામલતદારને હિંમતનગર કલેકટર કચેરીમાં અને વિજયનગરના નાયબ મામલતદારને તલોદ મામલતદાર કચેરીમાં બદલી કરાઈ છે.

અંતરંગ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં ચોમાસુ આવી રહ્યુ છે ત્યારે સરકાર દ્વારા પુરરાહત અને અન્ય કામગીરી માટે ખાસ સ્ટાફની ફાળવણી કરવી પડતી હોવાને લીધે જિલ્લા કલેકટર દ્વારા તેના માટે પણ બદલીઓ કરાય તેવી શકયતા નકારી શકાતી નથી. જોકે આ હંગામી જગ્યાઓ ચોમાસુ પૂર્ણ થાય ત્યાં સુધીની હોય છે.

# હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા લોકડાઉન દરમિયાન ગરીબ અને મધ્યમવર્ગના વેપાર ધંધા અને આજીવિકા બંધ થઇ જતા તેવા લોકોને સહાયરૂપ બનવા જૂન સુધીના વીજળી બીલ માફ કરવા, પાણીવેરા અને મિલ્કત વેરા માફ કરવા તેમજ આગામી શૈક્ષણિક વર્ષની ખાનગી શાળાની સત્ર ફી માફ કરવામાં આવે તેમજ કૃષિ ધિરાણ પરત કરવાની મુદતમાં વધારો કરવા સહિતના વિવિધ મુદ્દે હિંમતનગર મામલતદાર કચેરીએ જઇ મંગળવારે આવેદનપત્ર આપ્યુ હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના આદેશ અનુસાર સૂચનાથી હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા છેલ્લા ૫૫ દિવસથી લોકડાઉનની પરિસ્થિતિમાં ગરીબ અને મધ્યમ વર્ગ, વેપારીઓ, ખેડૂતોના અનેક પ્રશ્નો જેવા કે લાઇટબીલ, પાણીવેરો, શૈક્ષણિક સત્રની ફી માફ કરવાની સરકારને રજૂઆત માટે હિંમતનગર મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. જેમાં ગરીબ અને મધ્યમવર્ગના વેપાર ધંધા અને આજીવિકા બંધ થઇ જતા તેવા લોકોને સહાયરૂપ બનવા જૂન સુધીના વીજળી બીલ માફ કરવા, પાણીવેરા અને મિલ્કત વેરા માફ કરવા તેમજ આગામી શૈક્ષણિક વર્ષની ખાનગી શાળાની સત્ર ફી માફ કરવામાં આવે તેમજ કૃષિ ધિરાણ પરત કરવાની મુદતમાં વધારો કરવા સહિતના વિવિધ મુદ્દે મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆતો કરી હતી. જે પ્રસંગે વિધાનસભાના પુર્વ ઉમેદવાર કમલેશભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ, સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય લાલસિંહ, જયેશભાઈ, હર્ષદભાઈ, સદસ્ય નાથાભાઈ તથા સંગઠન પાંખના આગેવાનો મહેશસિંહ, નયનકુમાર, ભીખાભાઈ, ઉત્સવકુમાર, કિરણભાઈ, યુથ કોંગ્રેસ પ્રમુખ રાકેશસિંહ અને તાલુકા શહેરના કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આવેદનપત્ર આપતી વખતે આગેવાનો દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરાયુ હતું.

# પ્રાંતિજ ખાતે હોમીયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હોમીયોપેથીક હોસ્પિટલ પ્રાંતિજ દ્વારા પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ દરજીવાસ, પટેલવાસ

અને તપોધન ફડી ખાતે હોમિયોપેથીક ગોળીઓનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું.

પ્રાંતિજ ખાતે આવેલ હોમીયોપેથીક હોસ્પિટલ દ્વારા કોરોના જેવી મહામારી સામે રક્ષણ તથા રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેની આર્સેનિકમ આલ્બમ ગોળીઓ નાની ભાગોળ વિસ્તાર માં આવેલ દરજીવાસ, પટેલવાસ સહિતના વિસ્તારોમાં ૧૫૦થી વધારે કુટુંબોને વિના મલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ તપોધન ફડી ખાતે કે જે કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે તે વિસ્તારમાં પણ હોમીયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રહીશોને રોગ પ્રતિકારક ગોળીઓ મળતાં રહીશોમાં આનંદની સાથે ખુશી જોવા મળી હતી. આ પ્રસંગે મહંત સુનિલદાસજી મહારાજ, હોમીયોપેથી હોસ્પિટલના મેડીકલ ઓફિસર ડૉ. યતિનભાઇ જોષી, જગદીશભાઇ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ટીંટોઈના વેપારીઓએ કન્ટેન્ટમેન્ટ વિસ્તાર ઘટાડી બજારમાં છૂટ આપવામાં આવેની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે લોકડાઉનના પગલે ધંધા-રોજગાર બંધ રહેતા તમામ લોકોની હાલત દયનિય બની છે. લોકડાઉન-૪માં રાજ્ય સરકારે આપેલી છૂટછાટમાં પણ મોડાસા તાલુકાના ટીંટોઈ ગામ માટે કઠામણ સર્જી છે. ટીંટોઈ

ગામમાં મુંબઈથી આવેલા યુવક કોરોનામાં સપડાતા તંત્રે તકેદારીના ભાગરૂપે સમગ્ર ટીંટોઈ ગામને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરતા ટીંટોઈ બજારમાં આવેલ તમામ દુકાનો બંધ રહેતા વેપારીઓની હાલત કફોડી બની છે. બજારો બંધ રહેતા ગ્રામજનો સહીત આજુબાજુના ૨૫ થી વધુ ગામોના લોકોને જીવનજરૂરિયાતની ચીજ વસ્તુઓ ખરીદવા ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી ટીંટોઈ જનરલ વેપારી એસો.ના વેપારીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં ઘટાડો કરી બજારમાં છૂટછાટ આપવા રજુઆત કરી હતી તદઉપરાંત ડીડીઓ અને આરોગ્ય અધિકારીને પણ તેમની વેદના રજુ કરી હતી.

અરવલ્લી જીલ્લામાં વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટું ગામ એવા ટીંટોઈ ગામમાં કોરોના પોઝેટિવના ત્રણ દર્દીઓ અત્યાર સુધી નોંધાયા છે જેમાં બે દર્દીઓને ડિસ્ચાર્જ કરી દીધા છે. મુંબઈથી આવેલ યુવકને કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સમગ્ર ગામને તંત્રે કોન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરતા સતત કન્ટેન્ટમેન્ટ ઝોનથી બજારો બંધ રહેતા નાના-મોટા વેપારીઓ સહીત લોકોને પણ ભારે તકલીફ પડતી હોવાથી વેપારીઓ અને લોકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે.

ટીંટોઈ વેપારી એસોશિએસને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ટીંટોઈ ગામમાં કોરોનાનો કેસ આવેતો જે તે વિસ્તારમાં કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવે તેમજ બાકીના વિસ્તાર અને બજારમાં છૂટછાટ આપવામાં આવેની માંગ કરી હતી અને તંત્રનું સૂચન નહિ મળે ત્યાં સુધી સવારે ૮ થી ૧ વાગ્યા સુધી બજારો ખુલ્લા રાખવાનું જણાવ્યું હતું. છેલ્લા બે માસથી વધુના સમયથી ચાલેલા લોકડાઉનના પગલે ધંધા-રોજગાર ઠપ્પ થઇ જતા વેપારીઓની હાલત દયનિય બનતા તંત્ર દ્વારા ટીંટોઈ બજારમાં અને કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તાર સિવાયની અન્ય વિસ્તારમાં આવેલ દુકાનોને છૂટછાટ આપવામાં આવે તેવી રજુઆત કરી હતી. ટીંટોઈ સ્થાનિક તંત્ર બજાર ૧૧ વાગે બંધ કરાવતું હોવાનો કેટલાક વેપારીઓએ જણાવ્યું હતું.

# પાલનપુર નાયબ માહિતી નિયામકની દિકરી કોરોના પોઝીટીવ

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ આજ દિન સુધી ૧૧૫૮ સેમ્પલ લેવામાં આવેલ હતા.જેમાંથી ૧૦૪૩ સેમ્પલ નેગેટીવ અને ૧૮ સેમ્પલનું પરીણામ હાલમાં પેન્ડીંગ છે.મહેસાણા જિલ્લામાં રવિવારે ૨૯ સેમ્પલનું પરીણામ આવેલ છે.જેમાંથી ૨૭ સેમ્પલના રીઝલ્ટ નેગેટીવ અને ૦૨ સેમ્પલના રીઝલ્ટ પોઝીટીવ આવેલ છે.જિલ્લામાં હાલમાં ૧૮ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે.

મહેસાણા જિલ્લામાં બે પોઝીટીવ કેસની માહિતી જોઇએ તો પાલનપુર નાયબ માહિતી નિયામકની દિકરી સાંઇ ક્રિષ્ણ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબ ડો.સ્નેહાબા રાજપૂતને પોઝીટીવ આવેલ છે. ૨૮ વર્ષીય ડો સ્નેહાબા રાજપૂતે આજ દિન સુધી ૨૧૨ સ્લેબ લઇ ખરા અર્થમાં કોરોના વોરીયર બન્યા છે.જિલ્લામાં અન્ય પોઝીટીવ કેસ તરભ ગામે આવેલ છે.વિસનગર તાલુકાના તરભ ગામના ૪૮ વર્ષીય દેવીપૂજક વિનુંભાઇ બાબુભાઇને પોઝીટીવ આવેલ છે. વિનુંભાઇના ક્લોઝ કોન્ટેકમાં આવેલ તેમના ૦૬ જટેલા પરીજનોને ક્વોરન્ટાઇન કરાયેલ છે.મહેસાણા જિલ્લામાં સાઇક્રિષ્ણા હોસ્પિટલમાં દર્દીઓને સારવાર અપાઇ રહી છે.જિલ્લામાં ૩૩ દર્દીઓ એક્ટીવ છે જ્યારે ૫૨ વ્યક્તિઓએ કોરોનાને પરાસ્ત કરેલ છે.જિલ્લામાં કોવિડ-૧૯ના ૦૪ દર્દીઓ મૃત્યુ પામ્યા છે.

મહેસાણા જિલ્લામાં છઠીયારડાના ૮૦ વર્ષીય શાન્તાબેન પટેલે કોરોને પરાસ્ત કરી સાજા થતાં તેમણે સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

# ભિલોડા તાલુકાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામના સ.નં.૪૮/બ/૨ માં ફાયરીંગ બટ આવેલો છે. સદર બટમાં નાયબ પોલીસ અધિક્ષક અને સંકલન અધિકારી, ચેતક કમાન્ડો ફોર્સ, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોઈ પોલીસ અધિક્ષક અરવલ્લી મોડાસાએ તા. ૧૮-૦૫-૨૦૨૦ના પત્રથી મંજુરી આપેલ છે. નાયબ પોલીસ અધિક્ષક, ચેતક કમાન્ડો ફોર્સ, ગાંધીનગરના તા. ૨૦-૫-૨૦૨૦ના પત્રથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા માટે સન.૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા. ૨૯-૦૫-૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

અમૃતેશ ઔરંગાબાદકર આઇ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ ના ગુજગાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટ ઉપર નાયબ પોલીસ અધિક્ષક અને સંકલન અધિકારી, ચેતક કમાન્ડો ફોર્સ, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની કરવાનું હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી.ની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૫-૦૫-૨૦૨૦ થી ૨૯-૦૫- ૨૦૨૦ સુધી સવારના ૭ કલાકથી સાંજના ૧૮ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંકર લઇને પ્રવેશ કરવો કે કરાવવો નહી.

આમુખ-૩માં દર્શાવેલ ભારત સરકાર તથા આમુખ-માં દર્શાવેલ ગુજરાત સરકારના જાહેરનામાનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે. ફાયરીગ બટ ખાતે તમામ અધિકારી/ કર્મચારીઓએ સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનુ રહેશે તથા માસ્ક અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત અધિનીયમ કલમ-૧ ૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઘરમાં રહો...
સુરક્ષિત રહો...